Azadi Ka Amrit Mahotsav

ગુજરાત સાહિત્ય અકાદમી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત

## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત

## એક દિવસીય રાજ્યકક્ષા પરિસંવાદ

## 'માતૃભાષા : સાહિત્ય અને શિક્ષણ'

## તા.૧૮/૦૧/૨૦૨૩, બુધવાર

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'માતૃભાષા : સાહિત્ય અને શિક્ષણ' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષા પરિસંવાદમાં ...સહકારી...વિનયન,...વાણિજ્ય...અને...સાયન્સ...કોલેજ,...[illegible]...ના

પ્રો./ડૉ./પ્રા./શ્રી/તાલીમાર્થી/વિદ્યાર્થી.....[illegible]......[illegible]...પટેલ.......

સહભાગી/પેપર પ્રસ્તુતકર્તા/રીપોર્ટર/સત્ર અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આપે ..........

..........માતૃભાષા...શિક્ષણ...અને...શિક્ષક..........

વિષય સંદર્ભે સંશોધન પત્ર રજૂ કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ડૉ. કિરીટ ચૌહાણ | શ્રી ભરતભાઇ અમીન | શ્રી જસ્મીનભાઇ દેસાઇ | ડૉ. કલ્પેશ ટંડેલ |
| પરિસંવાદ સંયોજકશ્રી | ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમિટી, | મંત્રીશ્રી, | પરિસંવાદ નિયામકશ્રી, |
| અધ્યાપક, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા | બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા | બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા | ઇન્ચાર્જ આચાર્યશ્રી, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા |

Scanned with CamScanner

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

અને

શ્રી રંગશિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા

(બીલીમોરા શિક્ષણ કેળવણી મંડળ સંચાલિત)

સંયુક્ત ઉપક્રમે આયોજિત

રાજ્ય કક્ષાનો એકદિવસીય પરિસંવાદ

૧૮મી જાન્યુઆરી, ૨૦૨૩ બુધવારના રોજ

"માતૃભાષા : સાહિત્ય અને શિક્ષણ"

શોધ પત્રનો વિષય : માતૃભાષા શિક્ષણ અને શિક્ષક


પ્રસ્તુત કર્તા :

પ્રા. જમના એન. પટેલ

એસોસિયેટ પ્રોફેસર

ગુજરાતી વિભાગ,

સરકારી વિનયન,વાણિજ્ય અને

સાયન્સ કૉલેજ,ખેરગામ

જિ.નવસારી


Scanned with CamScanner

# "માતૃભાષા શિક્ષણ અને શિક્ષક"

પ્રા. જમના એન. પટેલ
એસોસિયેટ પ્રોફેસર
ગુજરાતી વિભાગ,
સરકારી વિનયન,વાણિજ્ય અને
સાયન્સ કૉલેજ,ખેરગામ
જિ.નવસારી

પ્રાસ્તાવિક ભૂમિકા

આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં અને અંગ્રજી શિક્ષણની મહત્તા રોજબરોજ મહત્વ વધી રહ્યું છે ત્યારે માતૃભાષા શિક્ષણ અને શિક્ષકની નવી શિક્ષણ નીતિની તરાહો વચ્ચે કેમ ટકી રહેવું ટે એક પ્રશ્ન છે ? આજે બદલાતા આધુનિક ટેકનોલોજીના યુગમાં નવીનવી ટેકનોલોજીના સાધનો શિક્ષણ ક્ષેત્રે આવી રહ્યા છે ત્યારે શિક્ષકે પોતાના વ્યવસાયમાં ટકી રહેવા માટે શિક્ષકે વધુ સજ્જ થવું પડશે. આજના આધુનિક ટેકનોલોજી અને ઈન્ટરનેટનાં સમયમાં જ્ઞાન અને વિજ્ઞાન વિશ્વના સર્વોચ્ચ સ્તંભો માનવામાં આવી રહ્યા છે ત્યારે, શિક્ષકની ભૂમિકા વશે નવી શિક્ષણની નીતિઓમાં ખૂબજ બદલાવ આવી રહ્યો છે. ત્યારે વર્તમાન સમયમાં માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ અને શિક્ષકની સજ્જતા વિશે તરેહ તરેહની તર્ક-વિતર્કની સંકલ્પનાં થઈ રહી છે.

આજના આધુનિક યુગમાં માતૃભાષા શિક્ષણ માટેના મુખ્ય ઉદ્દેશોમાનો એક ઉદ્દેશ માતૃભાષા શિક્ષણ મહત્ત્વ અને શિક્ષકની સજ્જતા" એના વ્યવસાયમાં સંકળાયેલ છે. મનુષ્ય જીવનમાં "માં" તુલ્ય ભાષાનું પ્રભુત્વ અને મહત્વ વિશેષ છે. અન્ય પ્રાણીઓની તુલનાએ મનુષ્ય બાળકને વ્યકિત વિકાસમાં માતૃભાષા શિક્ષણ વ્યકિતના જીવનમાં શો ફાળો છે ટે સમજવું ખૂબજ જરૂરી છે. વ્યકિત તેના મનો વ્યાપારો ભાષાના માધ્યમ થકી અભિવ્યકિત કરે છે. માતૃભાષા સામાજિક વ્યવહારનો વિષય બને છે.

માતૃભાષા એ બાળકની દૂધ ભાષા છે એ વારસામાં મળેલી ભાષા છે. તેનું બાળકને ગૌરવ હોવું ઘટે.

"માતૃ" શબ્દથી જોડાયેલી માતૃભૂમિ, માતૃ શકિત, માતૃ પ્રેમ, માતૃભાષા જેવી સંજ્ઞાઓ હૃદયમાંથી ઉદ્ભવતા આંતરિક ભાવોને સાંકળી માણસને "માં" અને મૂળ સાથે મજબૂત રીતે જોડી રાખે છે. બાળક ગર્ભમાં હોય ત્યારથી જ માતૃભાષાના સ્પર્શ અને ધબકારના પવિત્ર જોડાણથી બંધાય છે. બાળકના જન્મની સાથે સ્પર્શ અને ધબકાર, લાગણીના સ્પંદનો કે વાત્સલ્યભર્યા શબ્દોમાં જે લાગણી સહજરૂપમાં થાય ને અનુભવાય તે લાગણી અન્ય ભાષાના શબ્દોમાં વ્યકત થતી નથી, ટૂંકમાં કહીએ તો "માં" દ્વારા મળેલ ભાષા તે "માતૃભાષા". આમ વ્યકિત તેની પ્રેરક માધુર્ય યુકત અને પ્રવાહ યુકત શૈલી દ્વારા અન્યને આકર્ષે છે. અને સમાજમાં પોતાનું વિશિષ્ટ વ્યકિતત્વ ઉપસાવે છે. વ્યકિત

Scanned with CamScanner

તેના સંસ્કારોનો આવિષ્કાર પણ માતૃભાષા દ્વારા કરે છે. એટલા માટે કહેવાયું છે કે "વ્યક્તિ તેનું વાણીરૂપી બાન નાખે કે તરજ તેની જાતિ, અને કુળનું પ્રમાણ મળી જાય છે. સમાજમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે મીઠાં લાગણીભર્યા કૂણા સબંધો વિકસાવવામાં માતૃભાષા એક અમોઘ સાધન છે. માનવીની લાગણી, ઈચ્છા, શોક, શોખ, વિચાર, સંવેદના, આનંદ વગેરેને રજૂ કરવા માતૃભાષાના માધ્યમથી જ અભિવ્યક્ત કરી શકે છે. વ્યક્તિ પોતાની લાગણી, ઈચ્છા, સંવેદના, આનંદ, શોક, શોખ વગેરે બીજા વ્યક્તિ પાસે અભિવ્યક્ત કરવા પણ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરી શકે છે. દરેક ભાષા માતૃભાષા બોલીમાં વિભાજિત કરવામાં આવી છે. જેને કારણે માન્ય ભાષા માતૃભાષાથી અલગ હોવાની લાગણી અનુભવાય છે. ભારતીય બંધારણના આઠમાં પરિશિષ્ઠમાં સમાવિષ્ટ ભાષાઓ પણ માતૃભાષાઓ જ છે.

આજે દેશ અને દુનિયામાં એટલું પરિવર્તન થઈ રહ્યું છે કે દુનિયાની ઘણી ભાષાઓ દરરોજ લુપ્ત થતી જાય છે. આજે ભારતમાં નોંધાયેલ ભાષાઓ પૈકી આજે ભારત દેશમાં પણ માતૃભાષાઓ લુપ્ત થઈ રહી છે. જે આપણા સૌનો ચિંતાનો વિષય છે. આજે જે કઈ માતૃભાષાનું બચ્યું છે તેનું જતન કરવા શું કરી શકાય, આ ભાષાઓની સંસ્કૃતિની આગવી વિશેષતાઓ પણ નાશ પામી રહી છે. પોતાની માતૃભાષા થકી વ્યક્તિ પોતાનો સર્વાંગિક વિકાસ સાધી શકશે. માતૃભાષાથી જ સામાજિક, સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ કરી શકશે. માતૃભાષા પ્રત્યે ગૌરવની લાગણી ઉધર્વગામી બની રહે તે ઉદ્દેશ્યથી "માતૃભાષા શિક્ષણનું મહત્વ અને શિક્ષકની સજ્જતા" વિષય પર મેં શોધપત્રમાં મારા વિચારો પ્રસ્તુત કરૂં છું.

ભાષા માનવ સંસ્કૃતિનો સાથીદાર છે, તેનું અવિભાજ્ય અંગ છે અનેક ભાષાસંકેતોની સુગ્રથિત વ્યવસ્થા તે ભાષા.

ભાષા શિક્ષણ સમગ્ર શિક્ષણ તંત્રનું એક અગત્યનું પાસું છે. માનવી જ્યારથી સમુદાયિક અને સહઅસ્તિત્વ કરવા લાગ્યો ત્યારથી તેને ભાષાકીય વ્યવહાર શરૂ કર્યો છે. તેણે અન્ય પ્રાણીઓ કરતાં અલગ, નિરાળો અને નોખો આગવો સંસ્કાર, સંસ્કૃતિ અને સભ્યતાનો તે છડીદાર બન્યો છે.

બાળકના માનસ ઘડતરમાં આવી ભાષાનો ફાળો અગત્યનો બને છે. તેના સામાજિક વ્યવહારોમાં તેની માતૃભાષા વિનય,પ્રામાણિક, વિવેક, નીતિમત્તા, નિરીક્ષણ શકિત, નિર્ણય શકિત, કૂતૂહલતા, ઉત્સાહ, જિજ્ઞાસાવૃત્તિ, સારી-ખરાબ બાબતો પારખવાની આત્માસૂચક, નિડર અને સંસ્કારિતા તેમજ અનેક માનવીય ગુણો સર્જનાત્મક, જ્ઞાનાત્મક અને ભાવાત્મક વગેરે ગુણોને લઈ આવે છે. અને પ્રતિબિંબિત કરે છે. શુધ્ધ ભાષાકીય અભિવ્યકિત પ્રાદેશિક ભાષાકીય અભિવ્યકિતથી અલગ છે અને તેની ઉપયોગિતા અને અસરકારકતા શી છે તેનો ખ્યાલ પણ બાળકને તેના વ્યકિતત્વના ઘડતરમાં આવશ્યક પુરવાર બને છે.

"ગાંધીજીના મતે બાળક કે વ્યકિતમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવી તે વ્યકિત વિકાસમાં રહેલું વિશિષ્ટ યોગદાન છે."

Scanned with CamScanner

માતૃભાષાનું શાળામાં ઔપચારિક શિક્ષણ શરૂ થાય તે અગાઉ તેનું અનૌપચારિક શિક્ષણ તેના કુટુંબમાં આરંભી ચૂક્યું હોય છે. માતા દ્વારા તેમજ અન્ય કુટુંબીજનો તથા પાડોશીઓ દ્વારા અનૌપચારિક શિક્ષણ ભાષા શિક્ષણની પ્રક્રિયા સંભવે છે. જે તેની ભાષાનો પાયો નંખાય છે. ભાષાનું શ્રવણ અને ભાષાનું કથન એમ બંને પાયાના કૌશલ્યનું સિંચન અનાયાસે બાળકમાં થયાં કરે છે. તે ભાષા સાંભળે છે, સમજે છે અને તેના અનુસંધાનમાં બોલે છે. આ પ્રકારની પ્રક્રિયામાં પ્રથમ બે સોપાન ભાષાની આંતર પ્રક્રિયાના, અને ત્રીજું સોપાન ભાષાની બાહ્ય પ્રક્રિયાના છે.

ભાષાની એક સંકુલ પ્રક્રિયા બાળકની અનુકરણ શકિતથી આત્માસાત થાય છે. આમ ઔપચારિક શિક્ષણ જેમ સમાજની કુટુંબ જેવી અનૌપચારિક સંસ્થાઓ દ્વારા મેળવે છે.

અનોપચારિક શિક્ષણ મેળવે તે પણ અગત્યનું છે. સમાજ રચનાનો લોકશાહી ઢાંચો ઘડવામાં માતૃભાષાનું અનોપચારિક શિક્ષણ એક મહત્વનું અંગ બની શકે છે.

માતૃભાષા શિક્ષણના પાયાના કૌશલ્યો નીચે મુજબ છે.

(૧) વિદ્યાર્થીઓ ભાષાકીય જ્ઞાન પ્રાપ્ત કરે

(૨) વિચારોને લેખિત રીતે અભિવ્યક્ત કરે

(૩) વિચારોને મૌખિક રીતે અભિવ્યક્ત કરે

(૪) શિક્ષણ દ્વારા સાહીત્યાભિરૂચિ કેળવે

(૫) જ્ઞાન કૌશલ્ય વિકસે

(૬) રસાસ્વાદન શકિત વિકસે

(૭) સાર, સંક્ષેપ, સમીક્ષા, અવલોકન, વિસ્તૃતી કરણ વગેરે ભાષાકીય કૌશલ્ય પ્રાપ્ત કરે.

આમ ભાષાના હેતુઓ આધારિત પાયાના કૌશલ્ય છે. જેમાં શ્રવણ, કથન, લેખન, વાંચન અને અર્થગ્રહણ વગેરેનો સમાવેશ થાય છે.

શિક્ષક દ્વારા ભાષાની લિપિ જાણી શકે છે. લિપિના ચિન્હો ભાષા લેખનમાં ઉપયોગી છે. પોતાના વિચારો વ્યકત કરી લેખન દ્વારા અભિવ્યકત કરી શકે છે.

માતૃભાષા થકી વ્યાકરણ શુધ્ધિ, શબ્દ પસંદગી, વાક્ય રચના, શૈલી વિશેષ, નિરૂપણ ક્ષમતા, વિચાર વૈભવ, સંદર્ભ વાચક પણું વગેરે ભાષાલેખન માટે ઉપકારક છે.

વ્યકિતના જીવનમાં ઘડતરમાં માતૃભાષાનું સ્થાન અત્યંત મહત્વનું છે. મહર્ષિ શ્રી અરવિંદના જણાવ્યા મુજબ " એક જ ભાષા અને તે પણ અધ્યેતાની પોતાની માતૃભાષા જ અન્ય ભાષામાં શીખવા માટે શિસ્તનું મૂલ્ય પ્રદાન કરી શકે છે.

Scanned with CamScanner

વ્યક્તિની શીખવાની પ્રક્રિયા આજીવન ચાલતી રહે છે. શિક્ષણ થકી વિદ્યાર્થીઓનો સર્વાંગિક વિકાસ શક્ય બનતો હોય છે. એજ રીતે શિક્ષણમા માતૃભાષાનું આગવું મહત્વ અને જરૂરિયાત રહેલી છે.

માતૃભાષાના સાહિત્યમાં રચાયેલ રચનાઓમાંથી શિક્ષણ વિષયક લખાણ અને વિચારોથી પરિચિત થાય અને માતૃભાષા સાહિત્યનો શિક્ષણ અને સુભગ સમન્વય થયો છે. વિચારો, વ્યવહારો, રહેણી કરણી, આચાર-વિચાર દરેક કાર્ય માટે માનવીને માતૃભાષાનો ઉપયોગ કરવો જ રહ્યો.

માતૃભાષાના શિક્ષણ થકી સર્જનાત્મક અભિવ્યક્તિ માટે સર્જનકળા વિકસાવવી અને સાહિત્યાભિમુખ બની આનંદ અને જ્ઞાન માટે અભિરૂચિ કેળવે છે. તો જ લેખન સ્વરૂપ પત્ર, અરજી, અહેવાલ, રોજનીશી, આત્મકથા, વાર્તાલેખન, સંવાદલેખન, સંક્ષેપ ગદ્ય, પદ્ય, પરિશીલન, ભાવાનુવાદ, નાટક, નવલકથા, નવલિકા, નિબંધ લેખન વગેરે પર પ્રભુત્વ આવે છે. આમ ધીરજ અને સર્જનાત્મક શ્રમ મળે તે મહત્વનું છે. સર્જન થકી જ વિદ્યાર્થીમાં તુલનાત્મક તથા વિવેચનાત્મક દ્રષ્ટિનો વિકાસ થવો જોઈએ. તેમનામાં સંવેદનશીલતા અને ભાષાભિવ્યક્ત પણ ખીલવા જોઈએ.

**ઉપસંહાર:**

આમ માતૃભાષા વ્યક્તિત્વ વિકાસમાં બહુ મોટો ફાળો છે. આ ભાષાનું શિક્ષણ પણ માતૃભાષામાં જ થવું જોઈએ. શાળા કક્ષાએ માતૃભાષાનું શિક્ષણ કરતાં શિક્ષક વર્ગખંડમાં વ્યક્તિ વિકાસ માટે કરવું જોઈએ.

માતૃભાષા થકી જ ગદ્ય કૃતિ અથવા પદ્ય કૃતિમાનો વિચાર, ભાવ અને હકીકતોથી પૂર્ણ રહેવાની.

## સંદર્ભ:

(૧) શિક્ષક જ્યોત પૃ.૨૪ થી ૨૫, ડિસેમ્બર-૨૦૨૧ અંક

(૨) ગુજરાતી શિક્ષણ પધ્ધતિ

Scanned with CamScanner